


# જોધપુરમાં કેન્દ્રિય કૃષિમંત્રીની પ્રતિષ્ઠા દાવ પર

## ગજેન્દ્રસિંહ શેખાવતની સામે કેટલાક નવા પડકારો રહેલા છે : રાજપુત સમુદાયની ભૂમિકા સીટ પર નિર્ણાયક બનશે

લોકસભા ચૂંટણી માટેના કાર્યક્રમની જાહેરાત કરવામાં આવ્યા બાદ તમામ પક્ષો પોતપોતાની વ્યુહરચના તૈયાર કરી રહ્યા છે. દેશમાં અનેક હોટ સીટ પણ રહેલી છે. હોટ સીટની વાત કરવામાં આવે તો આવી જ એક સીટ રાજસ્થાનની જોધપુર પણ છે. અહીંથી કેન્દ્રિય કૃષિ પ્રધાન ગજેન્દ્ર સિંહ શેખાવતની પ્રતિષ્ઠા દાવ પર લાગી ગઈ છે. વર્ષ ૨૦૧૪માં જીત મેળવી ચુકેલા ગજેન્દ્ર સિંહ સામે આ વખતે કેટલાક નવા પડકારો રહેલા છે.

વર્ષ ૨૦૧૪માં ચૂંટણીમાં જીત મેળવ્યા બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ગુડ બુકમાં આવેલા અને ત્યારબાદ કેન્દ્રિય રાજય પ્રધાન બનાવવામાં આવેલા ગજેન્દ્ર સિંહ શેખાવતની સામે આ વખતે મુખ્યપ્રધાન અશોક ગહેલોતના પુત્ર વૈભવને મેદાનમાં ઉતારવામાં આવી શકે છે. જાતિય સમીકરણની વાત કરવામાં આવે તો આ સીટ પર રાજપુત સમુદાયની ચાવીરૂપ ભૂમિકા રહેલી છે. ૩.૨૫ લાખ રાજપુત રહેલા છે. જ્યારે દલિતોની સંખ્યા ત્રણ લાખની આસપાસ છે. ૨.૫ લાખ મુસ્લિમો પણ છે. ૨.૨૫ લાખ ઓબીસી મતદારો રહેલા છે. ૨.૫૦ લાખથી લઈને ત્રણ લાખ સુધી અન્ય જાતિના લોકો છે. વર્તમાન રાજકીય સ્થિતીની વાત કરવામાં આવે તો શેખાવત મજબુત દેખાઈ રહ્યા છે.

રોજગાર અને કાયદો તેમજ વ્યવસ્થાની સમસ્યા અહીંના મુદ્દા તરીકે છે. કેન્દ્ર સરકારના અનેક મોટા પ્રોજેક્ટ અહીં પાઈપલાઈનમાં રહેલા છે. તેમને આગળ વધારી દેવાની જરૂર છે. શેખાવત ટિકિટ મળતાની સાથે જ મેદાનમાં ઉતરી ગયા છે. બીજી બાજુ ગહેલોત કેટલીક સભા અહી કરી ચુક્યા છે. સૌથી મુશ્કેલીવાળી બાબત ભાજપ માટે એ છે કે આઠ વિધાનસભા ક્ષેત્ર પૈકી છ પર કોંગ્રેસના ધારાસભ્યો રહેલા છે. જેથી ભાજપને અહીં જીત મેળવી લેવા માટે ખુબ મહેનત કરવી પડશે. વૈભવને ટિકિટ મળશે તો સ્પર્ધા જોરદાર રહી શકે છે.

ચૂંટણી માટેના કાર્યક્રમની જાહેરાત કરવામાં આવ્યા બાદ તમામ રાજકીય પક્ષો પોત પોતાની ગણતરીમાં લાગી ગયા છે. એકબીજાને પછડાટ આપવા માટેની વ્યુહરચના પણ તૈયાર કરવામાં આવી રહી છે. દેશમાં કેટલીક હોટ લોકસભા સીટ પણ રહી છે.જોધપુરમાં મહિલા મતદારોની સંખ્યા ૯૧૮૯૪૦ રહી છે. આવી જ રીતે પુરૂષ મતદારોની સંખ્યા ૧૦૧૦૩૬૨ રહી છે. અહીં હિન્દી ભાષી લોકોની સંખ્યા ખુબ વધારે છે. ભારતીય જનતા પાર્ટીએ જોરદાર પ્રચાર કરીને તેમની સ્થિતી મજબુત કરી છે. ગજેન્દ્ર સિંહ જોધપુરમાં ભારે લોકપ્રિયતા ધરાવે છે. રાજપુત સમુદાયના લોકોમાં તેમની સારી પ્રતિષ્ઠા રહેલી છે. ગજેન્દ્ર સિંહ માને છે કે તેમની જીત નિશ્ચિત દેખાઈ રહી છે. જો કે આ વખતે વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસની જીત થયા બાદ ભારતીય જનતા પાર્ટીને રાજસ્થાનમાં વદારે તકલીફ પડી શકે છે તેમ નિષ્ણાંતો માને છે.

# ૨૦૧૪માં ૨૩ બેઠક પર નોટાના લીધે પરિણામ પર માઠી અસર

વર્ષ ૨૦૧૪માં યોજાયેલી છેલ્લી લોકસભા ચૂંટણીમાં દેશની ચૂંટણી વ્યવસ્થામાં પ્રથમ વખત નોટાના વિકલ્પની શરૂઆત કરવામાં આવી હતી. જો કે આના કારણે અનેક લોકસભા બેઠકો પર પરિણામ પર માઠી અસર થઈ હતી. આંકડા પર નજર કરવામાં આવે તો જાણી શકાય છે કે વર્ષ ૨૦૧૪માં લોકસભા ચૂંટણીમાં ૨૩ સીટો પર અસર રહી હતી. નોટાની ભૂમિકા આ વખતે ઓછી રહે તેમ માનવામાં આવે છે. જાણકાર નિષ્ણાંતો કહે છે કે જો કોઈ લોકસભા મત વિસ્તારમાં નોટાનો ખુબ ઉપયોગ કરવામાં આવ્યો હશે તો પણ વિજેતા તો એ જ ઉમેદવાર રહેશે જે ઉમેદવારે સૌથી વધારે મત મેળવ્યા હશે. વર્ષ ૨૦૧૪માં કેટલાક રાજ્યોમાં નોટાનો ઉપયોગ ખુબ કરવામાં આવ્યો તો. જો ટકાના આંકડાની વાત કરવામાં આવે તો મેઘાયલમાં સૌથી વધારે ઉપયોગ કરવામાં આવ્યો હતો. મેંઘાલયમાં ૨.૯૮ ટકા અથવા તો ૩૦૧૪૫ મતદારો દ્વારા નોટાનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. નોટાના ઉપયોગના મામલે છત્તિસગઢના લોકો બીજા સ્થાને રહ્યા હતા. અહીં ૧.૯૪ ટકા લોકો દ્વારા નોટા બટનનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. વર્ષ ૨૦૧૪માં નોટાના આંકડાનો ભરપુર ઉપયોગ કરવામાં આવ્યો હતો. વર્ષ ૨૦૧૪માં ૬૦ લાખ મત નોટા હેઠળ નોંધવામાં આવ્યા હતા. આ આંકડો ઓછો નથી.

જે કુલ મતદાનની ટકાવારીના ૧.૦૮ ટકાની આસપાસ છે. ઉત્તરપ્રદેશની વાત કરવામાં આવે તો અહીં છ લાખ લોકોએ નોટાનો ઉપયોગ કર્યો હતો. લક્ષ્યદ્વીપનો આંકડો સૌથી ઓછો રહ્યો છે. જુદા જુદા રાજ્યોની કેટલીક બેઠક પર નોટાનો ઉપયોગ સૌથી વધારે થયો હતો. ૨૦૧૪માં ૨૩ સીટો પર નોટા વોટ વિજેતા ઉમેદવારની જીતના અંતર કરતા વધારે રહ્યા હતા. આમાંથી ૧૧ એવી સીટો હતી જેમાં કોંગ્રેસ પાર્ટી બીજા સ્થાને રહી હતી. ચાર સીટ પર ભારતીય જનતા પાર્ટી બીજા સ્થાને રહી હતી. ત્રીજા નંબર પર ગુજરાતની સ્થિતિ રહી છે. મેઘાલયમાં સૌથી વધારે નોટાનો ઉપયોગ કરવામાં આવી ચુક્યો છે. તમિળનાડુના નિલગીરીમાં ૨૦૧૪માં સૌથી વધારે નોટા વોટ ૪૬૫૫૯ પડ્યા હતા. જુદા જુદા રાજ્યોમાં નોટાનો ઉપયોગ સૌથી વધારે થયો છે. નોટામાં પડેલા મત ટકાવારીની દ્રષ્ટિએ ધ્યાનમાં લેવામાં આવે તો છત્તીસગઢના બસ્તરમાં ૩૮૭૭૨ મત નોટામાં પડ્યા હતા. જ્યારે નિલગીરીમાં ખુબ મોટા પ્રમાણમાં મત પડ્યા છે. ગુજરાતમાં દાહોદમાં નોટામાં મોટાપાયે મત પડ્યા હતા.

## નોટાનો વધુ ઉપયોગ

વર્ષ ૨૦૧૪માં યોજાયેલી છેલ્લી લોકસભા ચૂંટણીમાં દેશની ચૂંટણી વ્યવસ્થામાં પ્રથમ વખત નોટાના વિકલ્પની શરૂઆત કરવામાં આવી હતી. જો કે આના કારણે અનેક લોકસભા બેઠકો પર પરિણામ પર માઠી અસર થઈ હતી. વર્ષ ૨૦૧૪માં લોકસભા ચૂંટણીમાં ૨૩ સીટો પર અસર રહી હતી. સૌથી વધારે નોટાનો ઉપયોગ ટકાવારીની દ્રષ્ટિએ ક્યાં થયો તે નીચે મુજબ છે.

| રાજ્ય | નોટામાં મત (ટકામાં) |
|---|---|
| મેઘાલય | ૨.૯૮ (૩૦૧૪૫) |
| છત્તીસગઢ | ૧.૯૪ (૨૨૪૮૮૯) |
| ગુજરાત | ૧.૭૭ (૪૫૪૮૮૫) |
| બિહાર | ૧.૬૩ (૫૮૦૯૬૪ |
| ઝારખંડ | ૧.૫૬ (૧૯૦૯૨૭) |

નોંધ : કૌંસમાં આંકડા નોટા મત માટેના છે

# સરડોઈના રણછોડભાઈ નાયક ભવાઈને લુપ્ત થતી બચાવવા છેલ્લી શ્વાસ સુધી ઝઝૂમ્યા હતા

તા.૨૭ માર્ચ વિશ્વ રંગભૂમિ દિવસ છે પરંતુ ધીમે ધીમે કલાના ક્ષેત્રમાંથી રંગભૂમિની રોનક અને ભવાઈના ભૂંગળ સહિતની કલા નેસ્ત નાબૂદ થઈ રહી છે. ત્યારે માથે ઓઢી ઓઢણી, પગેબાંધ્યા ઘૂઘરા અમે ઘાઘરી પેરીને પડમાં ઘૂમ્યા જોનાર કોઈના મળ્યા જેવી કાગ બાપુની કવિતાના મણકા સમયાંતરે વિસરાતા જોવા મળી રહ્યા છે.

અરવલ્લી જીલ્લાના સરડોઈ, અડપોદરા સહિતના નાયક પરિવારો દ્વારા ભજવાતી ભવાઈ ગુજરાતમાં મોખરાનું સ્થાન ધરાવતી હતી સરડોઈ ગામના રણછોડભાઈ ચુનીભાઈ નાયક અમર સ્ત્રી પાત્રોના અભિનયથી રંગભૂમિ સજાવી હતી અને ભવાઈ કળાને જીવંત રાખવા માટે અંતિમ શ્વાસ સુધી ઝઝૂમ્યા હતા.



વિચરતા સમુદાય સમર્થન મંચના રંગભૂમિ-ભવાઈ કલા પ્રેમીઓ અફસોસ સાથે જણાવી રહ્યા છે કે ગ્રામ્ય વિસ્તારોમાં મનોરંજન પૂરું પાડનારા રંગભૂમિના મંચ પર ભવાઈ ભજવતા ભવાઈ કલાકારોની કલા લુપ્ત થવાની અને વિસરાઈ રહી હોવાનું અફસોસપૂર્વક જણાવ્યું હતું. અરવલ્લી-સાબરકાંઠાના જીલ્લાના જાણીતા ભવાઈ કલાકાર સ્વ. રણછોડભાઈ ચુનીભાઈ નાયકના પુત્ર દિનેશ નાયકના જણાવ્યા અનુસાર ભવાઈ મંડળીઓમાં સ્ત્રીઓની અને ઐતિહાસિક પાત્રોની વેશભૂષામાં ફક્ત પુરુષો ભવાઈ ભજવતા હોય છે. ખાસ કરીને સ્ત્રી વેશભૂષા ભજવતા કલાકારોની કલા કાબિલેદાદ હતી અને સ્ત્રી પાત્ર ભજવતા પુરુષોની ભારે બોલબાલા હતી. સરકાર દ્વારા ભવાઈ કલાને બચાવવા પ્રયાસો અપૂરતા હોવાનું જણાવ્યું હતું.

# ભાજપ દ્વારા વોર્ડ નં.૫માં પ્રચાર ઝુંબેશનો પ્રારંભ



ગાંધીનગર,તા.૨૭

ગાંધીનગર મહાનગર ભાજપના વોર્ડ નં.૫ના સેકટર-૧ ઉબી ખાતે વિવિધ સોસાયટીમાં લોકસભા ચૂંટણી-૨૦૧૯ સંદર્ભે પ્રચાર અભિયાનમાં ગોપાલક વિકાસ નિગમના પૂર્વ અધ્યક્ષ સંજયભાઈ દેસાઈ, મહાનગર મંત્રી પદમસિંહ ચૌહાણ, મહાનગર મંત્રી પલ્લવીબેન પરીખ, મીડિયા સેલના વિનોદભાઈ ઉદેચા, વોર્ડ પ્રમુખ મફતભાઈ દેસાઈ, મહિલા મોરચા મહામંત્રી ભાવનાબેન પાઠક, પૂર્વ કોર્પોરેટર ગોવિંદભાઈ પરમાર, યુવા મોરચાના જયપાલસિંહ વાઘેલા, વિજયભાઈ ત્રિવેદી, વોર્ડ મહામંત્રી ભરતભાઈ અર્સોડિયા, વાલજીભાઈ દેસાઈ, કનુભાઈ દેસાઈ, બાબુભાઈ શ્રીમાળી, જગદીશભાઈ પરમાર, ધર્મિષ્ઠાબેન ચૌહાણ, અશોકભાઈ પાધ્યા, રીટાબેન પટેલ, જાગૃતિબેન ભટ્ટ, હેમાબેન નાયક, જગદીશભાઈ સોલંકી, ગુણવંતભાઈ સુતરીયા, નિલેષભાઈ મહેરીયા તથા અગ્રણી કાર્યકર્તાઓ ઉત્સાહભેર જોડાયા હતા અને ઘેર ઘેર વસાહતીઓએ ઉમંગપૂર્વક સ્વાગત કરીને 'ફિર એક બાર, મોદી સરકાર' અમિતભાઈ તુમ આગે બઢો... હમ તુમ્હારે સાથ હૈ... અબકી બાર... ૪૦૦ પાર, ભારત માતા કી જય... વંદે માતરમ્...'ના નારા સાથે પૂરજોશમાં પ્રચાર કાર્ય શરૂ કર્યું હતું.

# ચિલોડા પ્રાથમિક શાળા ખાતે મૂલ્યનિષ્ઠ શિક્ષણ અંગે કાનૂની શિક્ષણ શિબિર યોજાઈ

ચિલોડા, તા. ૨૭

તાલુકાના ચિલોડા સ્થિત પ્રાથમિક શાળા ખાતે ગાંધીનગર જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ - ગાંધીનગર દ્વારા વિદ્યાર્થીઓને પાયાની કેળવણી - મૂલ્યનિષ્ઠ શિક્ષણના ગુણોનું ચિંતન એક કાનૂની શિક્ષણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પેરાલીગલ વૉલેન્ટીયર નટુભાઈ પટેલે અને નિવૃત્ત મામલતદાર કે.કે. પટેલે પોતાના વકતવ્યોમાં બાળકોમાં શિસ્ત, નિયમિતતા, અભ્યાસ, પર્યાવરણ, સ્વચ્છતા, વ્યસનમુક્તિ, સહકાર-સંયમ, વિવેક અંગે જરૂરી પ્રશ્નોત્તરીરૂપે માર્ગદર્શન પુરું પાડ્યું હતું. આ કાર્યક્રમમાં નિવૃત્ત મામલતદાર કે.કે. પટેલ દ્વારા પરિસંવાદમાં ભાગ લેનાર ઉત્સાહી બાળકોને પ્રોત્સાહનરૂપે પેન અને ફાઈલ ભેટ અર્પણ કરી બાળકોને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું. આ પ્રસંગે શાળાના આચાર્ય હર્ષદભાઈ પટેલે સફળ કાર્યક્રમ અંગે આભાર વ્યક્ત કર્યો હતો.




# કલાગુર્જરી દ્વારા ભજન કરે એ જીતે મનવા કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા. ૨૭

કલાગુર્જરી ગાંધીનગર દ્વારા વેસ્ટર્ન એગ્રી સીડ્સ લીમીટેડના સહાયથી રામ સેવક દાસજીની ભજન સંધ્યા 'ભજન કરે એ જીતે મનવા'નું આયોજન તા. ૩૧ માર્ચના રોજ વેસ્ટર્ન બાયોટેક ફાર્માહાઉસ માણસા રોડ ગાંધીનગર ખાતે રાત્રે ૯ થી ૧૨ કલાક દરમ્યાન કરવામાં આવ્યું છે. કાર્યક્રમમાં જવા માટે જે સભ્યો પોતાના વાહનમાં આવી શકે તેમ ન હોય તેમના માટે રાત્રે ૭.૩૦ વાગ્યે ટાઉનહોલથી કાર્યક્રમમાં સ્થળ સુધી અને પરત બસની વ્યવસ્થા કરવામાં આવી છે તેમ સંસ્થા દ્વારા જણાવાયુ છે.

## પ્રચંડ આગ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પ્રા.લિમિટેડ નામની કંપની આવેલી છે. જેના માલિક જુમ્મામલ તુનવાલ છે. આ કંપનીમાં એસેમ્બલ ઈ બાઈક તૈયાર થતા હતા અને ૫૦૦ થી વધુ ઈ બાઈક તૈયાર હતા. જેમાં મોટાભાગના આગમાં બળીને સ્વાહા થઈ ગયા છે. આગને પગલે અંદાજીત ૧૦ કરોડ રૂપીયાનું નુકશાન થવા પામ્યું છે. આજે બપોરના ૧૨.૩૦ કલાકના અરસામાં કંપનીમાં કર્મચારીઓ કામ કરી રહ્યા હતા. તે સમયે અચાનક આગ ભભુકી ઉઠી હતી. આગને બુઝાવવા માટે પ્રયત્નો શરુ કરીને ફાયર બ્રિગેડને જાણ કરી હતી. જેથી ફાયર ઓફીસર મહેશ મોડ તાત્કાલીક ફાયરના જવાનો સાથે સે-૨૬ જીઆઈડીસી ખાતે પહોંચી ગયા હતા. આગ એટલી ભીષણ હતી કે ગાંધીનગર ફાયર બ્રિગેડની ૪ ગાડી, કડી ફાયરની-૨ ગાડી, જીઈબીની-૧ ગાડી, કલોલની-૨ અને જીએસપીએલની -૧ ગાડી સહિત પાંચ હજાર લીટરના ૧૦ ટેન્કર સહિત કુલ-૧૦ ફાયરની ગાડીઓએ સાડા ત્રણ કલાક સુધી સતત અઢી લાખ લીટર પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવ્યો હતો. તો ફાયરના જવાનોએ તુનવાલ ઈ બાઈકની આસપાસ આવેલ રીઝન્ટ કંટ્રોલ પ્રા. લીમીટેડ સહિતની અન્ય કંપનીમાં આગ પ્રસરે નહી તેનું પણ ખાસ ધ્યાન રાખ્યું હતું. આગના કાળા ડિંબાગ ધુમાડાના ગોટેગોટા ઉંચે સુધી જતા શહેરમાં પણ આગ લાગી હોવાની ઘટનાની જાણ થઈ હતી. બનાવને પગલે પોલીસનો કાફલો પણ સ્થળ પર દોડી આવ્યો હતો. જયારે કંપનીમાં આગ કયા કારણોસર લાગી તેનું કારણ જાણી શકાયું નથી. એફએસએલના રીપોર્ટ બાદ આગનું સાચુ કારણ જાણી શકાશે. જયારે આગને પગલે જીઆઈડીસીના અન્ય વેપારીઓ, કર્મચારીઓ, આસપાસના નાગરીકો સહિતના સ્થળ પર દોડી આવ્યા હતા. આગ કાબુમાં આવતા તંત્રએ હાશકારો અનુભવ્યો હતો.

## જાહેરનામુ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પક્ષના રાષ્ટ્રીય અધ્યક્ષ અમીત શાહ ભાજપના ઉમેદવાર તરીકે ૩૦મીએ વિજય મુહૂર્તમાં ઉમેવારીપત્ર રજુ કરવાના છે.

કોંગ્રેસ પક્ષ તરફથી સત્તાવાર ઉમેદવારની જાહેરાત આ લખાય છે ત્યાં સુધી થઈ નથી. જોકે ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડાની ઉમેદવારી લગભગ નિશ્ચિત મનાઈ રહી છે.

ગાંધીનગર બેઠક પર છેલ્લી ચારેક ચૂંટણીમાં દસ કરતાં વધુ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી છે. આ વખતે પણ બહુકોણીય જંગ ખેલાશે તેમ મનાઈ રહ્યુ છે. જો કે અપક્ષ ઉમેદવારો ઉપરાંત અન્ય પક્ષો આ જંગમાં ઝુકાવે છે કે કેમ તેના પર સૌની નજર મંડાયેલી છે.

ગાંધીનગર સંસદીય મતવિસ્તારની ચૂંટણી માટે તંત્રએ તેની તૈયારીઓ પૂરી કરી દીધી છે.

## ઉત્તેજના

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જાહેરાતો કરે તેવી શક્યતાઓની ચર્ચાઓ થઈ રહી હતી. તે ઉપરાંત રાહુલ ગાંધીએ ગઈકાલે ગરીબો માટે વાર્ષિક રૂ.૭૨ હજાર આપવાની કરેલી જાહેરાત અનુસંધાને અન્ય કોઈ મોટી કાઉન્ટર જાહેરાત કરે તેવી પણ ચર્ચાઓએ જોર પકડ્યું હતું. સવા કલાક સુધી તમામ વ્યક્તિઓના ચહેરા મોબાઈલની સ્કીન અથવા ટીવી સ્કીન સામે લાગી ગયેલા જોવા મળ્યા હતા. આ મુદ્દાને લઈને વિવિધ મીડિયા હાઉસ દ્વારા તજજ્ઞો સાથે ડિબેટ શરૂ કરી દેવાઈ હતી. આ ડિબેટમાં પણ અનેક તર્ક લગાવવામાં આવ્યા હતા. વડાપ્રધાન શું મોટી જાહેરાત કરશે તે જાણવા માટે ન્યૂઝ ટેલિકાસ્ટ પહેલા જ મીડિયા હાઉસમાં ફોન રણકવાના શરૂ થઈ ગયા હતા. સામાન્યતઃ પ્રધાનમંત્રી મન કી બાત કરતા હોય ત્યારે તેના વિષયોની અગાઉથી જાહેરાત થઈ જતી હોય છે પરંતુ આ કિસ્સામાં પીએમ હાઉસના રિપોર્ટીંગ કરતા પત્રકારોને પણ આ વિષયથી અજાણ રાખવામાં આવ્યા હોવાથી મુદ્દો કંઈક વધુ ગંભીર હોય તેવી પણ ચર્ચાઓ ચાલી હતી. આખરે વડાપ્રધાનની જાહેરાતમાં 'મિશન શક્તિ' ઓપરેશન પાર પાડીને ભારત દેશે અંતરીક્ષ મહાશક્તિ દેશોની યાદીમાં પોતાનું નામ ઉમેરી હોવાની અભૂતપૂર્વ સિદ્ધિ મેળવી હોવાનું જણાવતા આ ચર્ચાનો અંત આવ્યો હતો. તો બીજી તરફ સોશિયલ મીડિયામાં એવી પણ રમુજ ફેલાઈ હતી કે સાહેબ ફરીથી નોટ બંધી લાવીને રૂપિયા ૨ હજારની નોટ બંધ કરે છે, તાત્કાલિક બેંકમાં પહોંચી જાવ. આ પ્રકારના રમુજી મેસેજ પણ ફરતા થઈ ગયા હતા.

## માટલા ફોડ્યા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગામોમાં પાણીનો પ્રશ્ન ગંભીર બની રહ્યો છે.

ગાંધીનગર શહેરી વિસ્તારમાં સમાવિષ્ટ ગામોમાં માળખાગત સુવિધાઓનો હજુ અભાવ વર્તાય છે. જયારે ગામોની ટોપોગ્રાફી મુજબ પણ જુદા જુદા વિસ્તારમાં પાણીની સમસ્યા ઉદભવે છે. ગામના કેટલાક ભાગોમાં પાણી પુરતુ આવે છે જયારે કેટલાક વિસ્તારમાં પાણીનુ ટીંપુ પણ નસીબ થતુ નથી. આવા સંજોગોમાં સ્થાનિકોએ પારાવાર હાલાકી વેઠવાનો વારો આવે છે. ગાંધીનગરના પાલજ ગામમાં પણ આવી જ સ્થિતિ છે. પાલજના મીર ચકલા વાસ તેમજ દરજી વાસમાં છેલ્લા કેટલાક સમયથી પાણી ન આવતા સ્થાનિકો આગ બબુલા બન્યા છે. આ મામલે બોર ઓપ્રેટર પણ ઉડાઉ જવાબ આપતા સ્થાનિકોમાં રોષ પ્રવર્તયો છે. જયારે પાણી ફોર્સથી મળી રહે તે માટે પુરતા પ્રમાણમાં વાલ્વ પણ ખોલવામાં આવતો નથી. જયારે લાઈન જુની હોવાના લીધે વાલ્વ ખોલતા લાઈન તુટી જાય તેવી પણ સંભાવના વ્યકત કરવામાં આવે છે. જયારે ગામના અન્ય વાસમાં મોટર ચાલુ કર્યા વગર બીજા માળ સુધી પાણી પહોંચે છે. પાણીનો બગાડ પણ થાય છે. ગટર લાઈનમાં પાણી જાય છે. બીજીતરફ પાણી મળતુ નથી અને પાણી વેરાના બીલની ઉઘરાણી થાય છે. આ મામલે અનેકવાર રજુઆત કરવા છતા સમસ્યાનો કોઈ ઉકેલ આવતો નથી. આ વાસના ફળિયામાં નવી લાઈન નાંખવા છતા પણ પાણી આવતુ નથી. પાલજમાં પાણીની સમસ્યાને ડામવા માટે ત્વરિત પગલા લેવાય તેવી માંગ ગામની મહીલાઓએ કરી છે. આ મામલે આજે પાટનગર યોજના ભવનની કચેરી ખાતે વિભાગના કાર્યપાલક ઈજનેર સમક્ષ રજુઆત પણ કરી હતી .જયારે કચેરી પાસે મહીલાઓએ માટલા ફોડીને વિરોધ પણ પ્રદર્શિત કર્યો હતો.

## મનના ઉમંગો

● ચોથા પાનાનું ચાલું

પંક્તિઓ સાંભળનાર જરૂરથી અનુભવે એમાં મને તો કોઈ શંકા નથી. આ ત્રિગુણિત વેદનાથી ઘાયલ હૈયુ તરફડતું હોય ત્યાં ધીરે રહીને ધ્રુવ પંક્તિ ગવાય. ''પીડિત પોકારે પાંચાળી'' ભજનો પત્યા ઘેર જઈને આ ત્રણ શબ્દો ગમે તેવા ઊંઘણશીની નિંદર ઉડાડી દે તેવા છે. આગળ કશું લખવું નથી. તમે જાતે આ ભજન ગાવ અને એકે એક લીટીનો લહાવો લો. ખાસ તો

''કૃષ્ણ કૃષ્ણ એમ કહ્યું કૃષ્ણાએ ત્યાં
પૂરીને ચીર ઉધ્ધારી ઉધ્ધારી ઉધ્ધારી રે.''

એ શબ્દો આવતાં તમને પણ દ્રોપદીની લાજ ના લુંટાયાની હૈયામાં હાશ થાય છે કે નહી તે જોજો.

પરંતુ આવા ભજનો એક તો લખાય છે જ બહુ ઓછાં. લખાય તો એના ગાનારાં કેટલાં ? અત્યારે ચારપાંચ લીટીઓના ભજનો, ગીતો અને ગરબાઓની સીસ્ટમ ચાલે છે. એમાંથી બહાર નીકળવાનું ઘણું અઘરું છે. એ તો શ્રી મનુભાઈ ત્રિવેદી જેવા વીરલા જ કરી શકે. (કયારેક મનુભાઈએ આ ભજન ગાયું જ હશે ને ? એના સાંભળનારાના ભાગ્ય કેવાં બળવાન ?)

## મહાશક્તિ

● અનુસંધાન પહેલાનું ચાલુ

ભારતે આ ક્ષમતા વર્ષ ૨૦૧૨માં હાંસલ કરી લીધી હતી. તે વખતે અગ્નિ-૫નું પરીક્ષણ કરવામાં આવ્યું હતું. જો કે, રાજકીય ઈચ્છા શક્તિના કારણે આને મંજુરી આપવામાં આવી ન હતી. વર્ષ ૨૦૦૭ના ચીનના એક સેટેલાઈટને તોડી પાડવામાં આવ્યા બાદ ભારત ઉપર દબાણ વધી ગયું હતું. ભારત આ ક્ષમતાને હાંસલ કરવા સતત પ્રયાસ કરી રહ્યું હતું. ભારતે મિશન શક્તિ કોડમેન મારફતે આ મિસાઈલનું બાલાસોરમાંથી પરીક્ષણ કર્યું હતું. સંરક્ષણ નિષ્ણાતોના કહેવા મુજબ આ ખુબ જ અભૂતપૂર્વ સફળતા ભારતે હાંસલ કરી છે. અંતરિક્ષ વૈજ્ઞાનિક અજય લેલેના કહેવા મુજબ ભારતના સેટેલાઈટ કાર્યક્રમ અભૂતપૂર્વ સિદ્ધિ હાંસલ કરી રહ્યા છે. તેમના કહેવા મુજબ જે સેટેલાઈટને તોડી પાડવામાં આવ્યું છે તે સેટેલાઈટ ભારતનું જ હોઈ શકે છે. તેની ઓળખ કરવામાં આવી હશે અને ત્યારબાદ તેને તોડી પાડવામાં આવ્યું હશે. ભારતે કોઈપણ આંતરરાષ્ટ્રીય સમજૂતિનો ભંગ કર્યો નથી.

## ડ્રામાબાજી

● અનુસંધાન પહેલાનું ચાલુ

છે. બાજપના પોતાના ૧૧ સભ્યો છે. એમજીપી અને ગોવા ફોરવર્ડ પાર્ટીના ત્રણ ત્રણ સભ્યો સામેલ છે. પવાસ્કરે દાવો કર્યો છે કે તેમને અને પ્રમોદ સાવંત સરકારમાં પ્રધાન બનાવવામાં આવનાર છે. ગોવામાં જોરદાર રાજકીય ઘટનાક્રમનો દોર જારી રહ્યો છે. આ ઘટનાક્રમના દોર વચ્ચે કોંગ્રેસ અને અન્ય પાર્ટીઓને ભારે આશ્ચર્ય થયુ છે.ગોવાના મુખ્યપ્રધાન રહેલા મનોહર પારિકરના હાલમાં અવસાન બાદ ભારતીય જનતા પાર્ટી સામે જટિલ સ્થિતી સર્જાઇ ગઇ હતી. જો કે હવે પાર્ટીને રાહત થઈ છે.

## ડ્રગ્સનો જથ્થો

● અનુસંધાન પહેલાનું ચાલુ

મોકલ્યું હોવાનું બહાર આવ્યું છે. એટીએસના અધિકારીઓને બાતમી મળી હતી કે, પોરબંદરના મધદરિયાથી મોડી રાતે એક બોટમાં કરોડો રૂપિયાના ડ્રગ્સનું કન્સાઈન્મેન્ટ ઈરાનમાં જવાનું છે. એટીએસને મળેલી બાતમીના આધારે ઉચ્ચ અધિકારીઓએ કોસ્ટગાર્ડ અને મરીન ટાસ્કફોર્સને જાણ કરી હતી. ત્રણેય એજન્સીઓએ મોડીરાતથી પોરબંદરના મધદરિયામાં સંયુક્ત ઓપરેશન હાથ ધર્યું હતું. કોસ્ટગાર્ડની ટીમ તેમજ મરીન ટાસ્કફોર્સની ટીમ એટીએસના અધિકારીઓ સાથે વોચમાં હતાં ત્યારે એક શંકાસ્પદ બોટ દરિયામાં દેખાઈ હતી. કોસ્ટગાર્ડની ટીમ તેમજ મરીન ટાસ્કફોર્સની ટીમે બોટનો પીછો કર્યો હતો અને તેને રોકવા માટેના આદેશ આપ્યા હતા. બોટ નહીં રોકાતાં કોસ્ટગાર્ડ અને મરીન ટાસ્કફોર્સે બોટને કોર્ડન કરીને ઊભી રાખી હતી અને બોટમાં બેઠેલા તમામ લોકોને સરેન્ડર કરવાની સૂચના આપી હતી. બોટમાં બેઠેલા તમામ લોકોએ ગણતરીની મિનિટમાં બોટને આગ લગાવી દીધી હતી અને દરિયામાં કૂદી ગયા હતા. સુરક્ષા એજન્સીએ દરિયામાં કૂદેલા તમામ લોકોને પકડી પાડ્યા હતા અને તેમની સઘન પૂછપરછ કરી હતી. ધરપકડ કરાયેલા તમામ લોકો ઈરાની છે અને પાકિસ્તાનથી ડ્રગ્સનું કન્સાઈન્ટમેન્ટ લઈને ઈરાન જતા હતા.